# પતિ તરફથી પત્નીને મૂલ્યવાન ભેટ કઈ?




જીવન સરગમ
બિન્દુબેન કચરા

આજના યુગમાં સૌથી મહત્ત્વની કોઈ વસ્તુ હોય તો તે 'પૈસા'છે. 'નાણાં વગરનો નાથિયો અને નાણે નાથાલાલ'. આ કહેવત મુજબ પૈસા સર્વસ્વ બનવા લાગ્યા છે. નાણાંની શોધ વિનિમય વ્યવહાર સરળ કરવા માટે થઈ હતી પરંતુ આજના જમાનાની તે જરૂરિયાતની વસ્તુ બની ગઈ છે. જેની પાસે નાણાં છે તે બધી જ જરૂરિયાતોને સરળતાથી પૂરી કરી શકે છે અને નાણાં વિના જીવન ખૂબ જ કપરું છે માટે લાઈફ માટે મની મેનેજમેન્ટ અને એની સમજ જરૂરી છે.

યુવાન વયે જીવન જ્યારે સોળે કળાએ ખીલી રહ્યું હોય ત્યારે કોઈને પણ પૈસા બચાવવાનો કે આકસ્મિક ઘટનાનો કે મૃત્યુનો વિચાર આવતો નથી. આવતી કાલે કદાચ હું નહીં હોઉં તો મારા કુટુંબનું શું થશે? એવો કયારેક, કોઈક સમયે પુરુષને સહેજ વિચાર આવે છે. એને ભય લાગે છે પણ એ લાંબો સમય ટકતો નથી અને પત્ની તો એવો અમંગલ વિચાર કદાપિ કરતી નથી. મૃત્યુની કલ્પના ગમે એટલી અણગમતી હોય છતાં પણ એ હકીકત છે કે હજારો સ્ત્રીઓ અકસ્માતમાં પતિને ગુમાવે છે. ઘણી વાર જીવલેણ માંદગીનો ભોગ પતિ બને છે અને એ વિષમ સ્થિતિનો સામનો પત્નીએ કરવો પડે છે. ઘણી સ્ત્રીઓમાં જવાબદારી ઉઠાવવાની ત્રેવડ નથી હોતી. પૈસાનો કોઈ કારભાર સ્ત્રીએ કર્યો હોતો નથી. પતિ અને પત્ની બંનેએ સાથે મળીને કરવાનું આ કામ છે. બંને જીવતાં હોય ત્યારે એકબીજાના સહકારથી કુટુંબ માટે પોતાની પૂંજીનું આયોજન કેવી રીતે થઈ શકે એનું એક દ્રષ્ટાંત જોઈએ.

સુકેતુ અને સંજના, તેનાં બે બાળકો. ખૂબ સુખી પરિવાર. સુકેતુ વકીલ હતા, સંજના પણ LL.B. થયેલી હતી. વકીલાતની સનદ એણે લીધી હતી. 15ર વર્ષના સુખી દામ્પત્યજીવન પર એકદમ દુઃખના ડુંગર તૂટી પડ્યા. એક સાંજે ડૉકટરોએ નિદાન કર્યું કે સુકેતુને બ્લડ કેન્સર છે! ચિંતામાં બંને દિગ્મૂઢ બની ગયા. જેમતેમ સુકેતુએ સ્વસ્થતા ધારણ કરી અને ટૂંક સમયમાં આવનાર મૃત્યુ માટે તૈયારી કરવા માંડી. પોતાના કરતાં પણ એમને વિશેષ ચિંતા હતી એમનાં બે માસૂમ બાળકની અને કોડભરી પ્રિય યુવાન પત્નીની!

એમના મનમાં ઉપરાછાપરી વિચારો આવવા લાગ્યા અને વિચાર કરી એમના એક વકીલ મિત્રની અને ચાર્ટર્ડ અકાઉન્ટન્ટની સલાહ લીધી અને પોતાની બધી પૂંજીનું યોગ્ય પ્લાનીંગ કરી નાંખ્યું. બધું બરાબર નામે ચઢાવી દીધું અને પોતાની પત્નીને પોતાની હયાતી ન હોય ત્યારે કેટલો ટેક્સ ભરવો પડશે તેની પણ ગણતરી કરી જોગવાઈ કરી નાંખી! બાળકોને વધુ અભ્યાસ માટે અમુક વર્ષ પછી પૈસા મળી જાય એવી પણ જોગવાઈ કરી દીધી અને છેલ્લે પોતાની પત્ની વકીલાતનું ભણી




હતી. એ વકીલાત સ્વતંત્ર રીતે કરી શકે એ માટે પણ એમના અંગત મિત્રોને ભલામણ પત્ર લખી તૈયાર રાખ્યા. એક સંપૂર્ણ વસિયતનામું એમણે તૈયાર કરી નાંખ્યું.

સુકેતુના મિત્ર હતા સંજયભાઈ, અવારનવાર સંજના અને સુકેતુ એને ત્યાં જતાંઆવતાં.

એક દિવસ અચાનક સંજનાનો સંજયભાઈ પર ફોન ગયો. તમે સુકેતુના સમાચાર જાણ્યા હશે એ હવે આ દુનિયામાં નથી. મારે તમારું કામ છે, તમારી સલાહ લેવાની છે.

સંજયભાઈએ કહ્યું અમે બંને સાંજે તમારે ઘેર આવીશું. સંજયભાઈ સાંજે સંજનાને ઘેર ગયા.

સંજનાને આશ્વાસન આપ્યું. સંજનાએ સ્વસ્થ બની સુકેતુનું 'વિલ'કાઢયું. સંજયને બતાવ્યું-તેમાં લખ્યું હતું- 'વિમાની પોલીસી અંગે સંજયભાઈની સલાહ લેવી. સંજયભાઈએ વિલ વાંચ્યું- તે પણ સ્તબ્ધ થઈ ગયા. સંજના પણ વસિયતનામું જોઈ સ્તબ્ધ બની ગઈ. પોતાના પરિવારનો એમણે કેટલો બધો વિચાર કર્યો હતો. પોતાની પ્રિય પત્નીને તેમણે પોતાના મૃત્યુ પછી પણ કેટલી અમૂલ્ય ભેટ આપી હતી. આને કારણે સંજના અને એમનાં બાળકો આજે ગૌરવપૂર્ણ જીવન જીવી શકશે.

પતિ પોતાની પ્રિય પત્નીને પ્રસંગોપાત ભેટ આપતો હોય છે પણ પતિની હયાતી દરમિયાન અને હયાતી પછી જો સૌથી ઉપયોગી અને મૂલ્યવાન ભેટ પત્ની માટે હોય તો તે છે પતિની મિલકતની ભાવિ વ્યવસ્થા.

પતિએ જીવતાજીવત પોતાની પત્નીમાં વિશ્વાસ મૂકી મૂડીરોકાણની વ્યવસ્થાથી માહિતગાર કરવી જોઈએ. રોકાણ કરતી વખતે નોમિનેશનમાં પત્નીનું નામ લખાવવું જોઈએ, પોલિસી બાબતમાં પણ બરાબર નોમિનેશન ન હોય, સમયસર પ્રીમિયમ ભર્યું ન હોય, પોલિસી ખોવાઈ ગયેલી હોય, આવા સંજોગોમાં ગમે એટલા રૂપિયાનો વીમો હોય પણ પૈસા નહિ મળે.

સેવિંગ્સ બેંકનું અકાઉન્ટ બંનેના સંયુક્ત નામ પર રાખવું જોઈએ. અને બેમાંથી કોઈ પણ એક લેવડદેવડ કરી શકે એમ હોવું જોઈએ. જે જે બેંકમાં ખાતું હોય ત્યાં પત્નીને સાથે કોઈ કોઈ વાર લઈ જાવ જેથી ચેક ભરવાનો, જમા કરવાનો, પૈસા કેવી રીતે ઉપાડવાના? તેનો ખ્યાલ આવે.

પબ્લિક લિમિટેડ કંપનીઓના શેર હોય તો બંનેના સંયુક્ત નામ પર હોવા જોઈએ. એટલું જ નહીં પણ શેરની સંખ્યા તથા નંબરો પણ લખી રાખવા જોઈએ.

કંપનીઓમાં કે બેંકમાં ફિક્સ ડીપોઝીટમાં નાણાં રોકયાં હોય તો તેની રસીદો, ડિબેન્ચર્સ હોય તો તેની વિગતો નોંધી રાખવી જોઈએ.

ઉપરાંત વીમાની પોલિસી હોય તો નિયમિત પ્રીમિયમ ભરાતાં રહેવાં જોઈએ- અને પોલિસીમાં વારસદારનું નામ લખેલું હોવું ખાસ જરૂરી છે. પતિના લેણાંદેણાંની વિગત, પતિના રીટાયરમેન્ટ અંગેના લાભ, ગ્રેજ્યુઈટી, પેન્શન આ બધી બાબતોથી પણ પતિએ પત્નીને વાકેફ રાખવી જોઈએ.

જો ભાડાનું ઘર હોય તો ભાડાચિઠ્ઠી, જમીન હોય તો તેની માલિકી અંગેનો દસ્તાવેજ, ઈન્કમટેક્સનો પરમેનન્ટ નંબર, ધંધામાં ભાગીદારી હોય તો તે અંગેના દસ્તાવેજ, આ બધું વ્યવસ્થિત રાખવું જોઈએ. આ બધાંની યાદી એક ડાયરીમાં રાખવી અને એ બંનેને ખબર હોય એ સ્થળે સાચવીને રાખવી. બને તો એક કોપી બેંકના વોલ્ટમાં રાખી શકાય.

છેલ્લે આવે છે વસિયતનામું - ઘણી વખત લોકો વસિયતનામું કરવાનું ટાળતાં હોય છે. કુટુંબમાં પોતાની સંપત્તિ કોને કેટલા પ્રમાણમાં આપવી એ સંબંધી મનમાં દ્વિધા રહેતી હોય છે. પત્ની અને સંતાનોને પણ ઘણી વખત માલમિલકત વિશે કંઈ જ ખબર નથી હોતી અને પરિણામે ઘણી વાર પૈસાટકા માટે કુટુંબમાં ઝઘડા થાય છે. સ્નેહભર્યા સંબંધોમાં તિરાડ પડે છે અને કોર્ટમાં જવું પડે છે. પૈસેટકે માણસ ખુવાર થઈ જાય છે. મૃત્યુ તો જીવનના ઉંબરમાં જ બેઠું છે. ઉંબરો ઓળંગીને યમરાજા કયારે પ્રવેશશે તેની આપણને ખબર નથી પણ ગમે ત્યારે આવવાનું તો છે જ એમ માની તૈયારી કરી રાખવી સારી.

સ્ત્રીઓ સમજે આ બધી જાણકારી મેળવવી એ પોતાના હિતમાં જ છે. પૈસાનો સારામાં સારો ઉપયોગ કરવો અને ભવિષ્યની સલામતી માટે બચત કરવી એમાં પત્નીનું કૌશલ્ય રહેલું છે. મોટાં સંતાનોને પણ વિશ્વાસમાં લઈ માહિતગાર રાખવાં જોઈએ. રસોઈ કરવી, ઘર સાચવવું, બાળકો સાચવવાં, પતિની સગવડો સાચવવી, પોતાની નોકરી સાચવવી એમાં જ સ્ત્રીની જવાબદારી અને કાર્ય પૂરું થતું નથી. કુટુંબની આર્થિક બાબતોમાં પણ એમણે હિસ્સો આપવાનો છે. તેમાં પણ પતિના સાથી બનવાનું છે.

આ બધી વાતની સમજ આનાથી વિશેષ મૂલ્યવાન ભેટ પત્ની માટે બીજી કઈ હોય શકે? કોઈ પણ એક વ્યક્તિ મૃત્યુ પામવાથી જીવન કંઈ અટકી જતું નથી. આપણી ગમે તેટલી અનિચ્છા હોય તો પણ જીવતાં રહેવું પડે છે અને જીવવા માટે પૈસા વગર ચાલતું નથી. તો વાચકમિત્રો! ખાસ મારી બહેનો-હંમેશાં સજાગ રહો. મુદ્દામાં પાકા બનો. બહેનો બીજી કેટલીય નકામી બાબતોમાં સમય બગાડે છે પણ પોતાની હિતની આવી વાતમાં કેમ રસ લેતી ન હોય? પતિ કહે કે ન કહે એની પાછળ પડી બધું જાણો! અને જીવનની સફરને આનંદિત બનાવો.

**કોઇ પણ એક વ્યક્તિ મૃત્યુ પામવાથી જીવન કંઇ અટકી જતું નથી. આપણી ગમે તેટલી અનિચ્છા હોય તો પણ જીવતાં રહેવું પડે છે અને જીવવા માટે પૈસા વગર ચાલતું નથી. તો મારી બહેનો- હંમેશાં સજાગ રહો. મુદ્દામાં પાકા બનો. પતિ કહે કે ન કહે એની પાછળ પડી બધું જાણો**

### સુવર્ણરજ

દર્પણમાં ફૂટયું કયાંથી આટલું અતલપણું
ઊભી ઊભી ઊંડી ઊંડી જાઉં હું ઊતરી
-કવિ ઉશનસ્